# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


# Press Note

18550

**1st February, 2021**

The Union Budget for the financial year 2021-22 was presented today by Hon'ble Minister Smt. Nirmala Sitharaman. Giving their response to the Budget, Shri Natubhai Patel, President GCCI and his team of Office Bearers stated that in this budget many steps have been announced keeping in mind the Aatmanirbhar Bharat Mission which will help to enlarge the base of Manufacturing industries.

1. This year's budget was in the midst of the pandemic but stayed on the path of Atma Nirbhar Bharat Abhiyan that supplements the "Make in India" vision of the Government and it will create more employment.

2. In the Budget it is proposed in the definition of small companies under the Companies Act. Companies with paid-up capital up to Rs 2 crore and turnover up to Rs 20 crore will fall under small companies now. Further, incentivize the incorporation of One Person Companies (OPCs) by allowing OPCs to grow without any restrictions on paid-up capital and turnover. Allowing their conversion into any type of company any time. Reducing the residency limit for Indian citizens to 120 days from 180 days. This will be a big boost to startups.

3. Strategic disinvestment worth Rs. 1.75 lakh crore has been announced and it is a welcome step.

4. It was announced in the Budget that the Union Government will provide 1.5 times higher MSP than the previous year to farmers, which will help in realizing the dream of Hon'ble Prime Minister Shri Narendra Modi to double the farmers income.

5. The proposed Investment in Healthcare and Infrastructure will not only generate additional funds in the system but also help create additional employment. This is therefore, a welcome step.

6. The Industry was speculating imposition of additional Cess for COVID in the Direct Taxes. It is a very welcome decision that Government has kept the Direct Taxes rates unchanged.

7. Importance has been given on upgrading Educational system is a welcome move which will form strong foundation for future growth.

8. To promote seaweed cultivation, Government has proposed a Multipurpose Seaweed Park to be established in Tamil Nadu and Fishing harbours and Fish Landing centers will be developed in Kochi, Chennai, Vishakhapatnam and Petughat. It is a welcome step and can be implemented in Gujarat also.

9. As announced in the Budget, the One Nation One Ration Card scheme through which beneficiaries can claim their rations from anywhere in the country. Migrant workers in particular will benefit from this scheme. It is also an applaudable step.

10. Seven new textile parks will be set up over three years under the scheme of mega investment textile parks. The parks to be setup over 1,000 acres of land with world class infrastructure, and plug-and-play facilities, will be in addition to the Rs 10,683-crore production linked incentive (PLI) scheme for technical textiles and manmade fibers, it will give a great push to textile Industry.

11. New Policies such as Power Portability Policy, Vehicle Scrapping Policy will further boost trade and industry.

12. Time period for Reopening of tax cases is reduced to 3 years from 6 years, this suggestion was given by GCCI and we are glad that it has been considered

13. As part of Budget 2021 Agri- infra cess of ₹2.5 per litre on petrol and ₹4 on diesel has been imposed. Comparatively, India's cost of logistics is much higher in global market. It is felt that such increase should have been avoided as it will have spiring inflationary effect on economy.

14. To further consolidate the financial capacity of Public Sector Banks, further Government has proposed the recapitalization of Rs. 20,000 crores which is a welcome step

15. GCCI had suggested that the rate of tax (including Surcharge and cess) for all non-corporate entities (including LLPs and AOPs) should be brought on par with corporate entities. However, this remains unattended so far. We hope this may get due attention.

In the first glance, the Budget seems to be in the right direction, considering the Increased Capital expenditure, Establishment of mega textile parks, amendments of Companies Act and reduced compliance burden on our senior citizens who are above 75 years of age. It seems the government has given a strong push to both investment and consumption — the key drivers in boosting the economy. The Budget is inspirational with a focus on all sectors.

---

**To,**

**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendra Kumar Trivedi**
**Secretary General**

# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)

Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,

Ashram Road, Ahmedabad-380009

Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4

Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


# Press Note

1 ફેબ્રુઆરી 2021 18550

નાણાકીય વર્ષ 2021-22 માટેનું કેન્દ્રીય બજેટ આજે માનનીય નાણાં પ્રધાન શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરાવામાં આવ્યું હતું. . બજેટ અંગે પ્રતિસાદ આપતાં જી.સી.સી.આઈ.ના પ્રમુખ શ્રી નટુભાઇ પટેલે અને તેમની ઓફિસ બેરર્સની ટીમે જણાવ્યું હતું કે આ બજેટમાં આત્મનિર્ભાર ભારત મિશનને ધ્યાનમાં રાખીને ઘણા પગલાઓની જાહેરાત કરવામાં આવી છે, જે મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગોનો આધાર વધારવામાં મદદ કરશે.

૧. આ વર્ષનું બજેટ મહામારીની ની વચ્ચે રજૂ થયું હતું પણ આત્મા નિર્ભર ભારત અભિયાનના માર્ગ પર આધારિત છે, જે સરકારના "મેક ઇન ઈન્ડિયા" દ્રષ્ટિને પૂરક બનાવે છે અને તેનાથી વધુ રોજગારી ઉભી થશે.

2. બજેટમાં કંપની એક્ટ હેઠળ નાની કંપનીઓની વ્યાખ્યામાં સુધારો કરવામાં આવ્યો છે. જે 2 કરોડ સુધીની પેઇડ અપ કેપિટલ અને 20 કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવરવાળી કંપનીઓ હવે નાની કંપનીઓ હેઠળ આવશે. વધુમાં, પેડ-અપ કેપિટલ અને ટર્નઓવર પર કોઈ પ્રતિબંધ વિના વન પર્સન કંપનીઓ ને મંજૂરી આપીને વન પર્સન કંપનીઓ (ઓપીસી) ને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે . કોઈપણ સમયે કોઈપણ પ્રકારની કંપનીમાં તેમના રૂપાંતરને મંજૂરી પણ આપી છે. ભારતીય નાગરિકો માટે રહેઠાણની મર્યાદા 180 દિવસથી ઘટાડીને 120 દિવસ કરી છે. આ સ્ટાર્ટઅપ્સ માટે પ્રોત્સાહન રૂપ બનશે.

3. રૂ. 1.75 લાખ કરોડની વ્યૂહાત્મક ડિસઇન્વેસ્ટમેન્ટની જાહેરાત કરવામાં આવી છે અને તે એક આવકારદાયક પગલું છે.

4. બજેટમાં એવી ઘોષણા કરવામાં આવી હતી કે કેન્દ્ર સરકાર ખેડુતોને પાછલા વર્ષ કરતા 1.5 ગણો વધારે ન્યૂનતમ ટેકાના ભાવ આપવામાં આવશે, જે માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ખેડૂતોની આવક બમણી કરવાના સપનાને સાકાર કરવામાં મદદ કરશે.

5. હેલ્થકેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સૂચિત રોકાણથી સિસ્ટમમાં વધારાના ભંડોળ જ નહીં, પણ વધારાના રોજગારમાં પણ મદદ મળશે. તેથી, આ એક આવકાર્ય પગલું છે.

6. ઉદ્યોગોને પ્રત્યક્ષ કરવેરામાં COVID ના કારણે વધારાનો સેસ લાગુ થશે તેવું અનુમાન હતું. પરંતુ, સરકારે પ્રત્યક્ષ કરવેરાના દરને યથાવત રાખ્યા છે. તે ખૂબ જ આવકારદાયક નિર્ણય છે.

7. શૈક્ષણિક પ્રણાલીને અપગ્રેડ કરવા પર મહત્વ આપવામાં આવ્યું છે તે આવકાર્ય છે જે ભવિષ્યના વિકાસ માટે મજબૂત પાયો રચશે.

8. સમુદ્રતળની ખેતીને પ્રોત્સાહન આપવા સરકારે તમિલનાડુમાં મલ્ટિપર્પઝ સીવીડ પાર્કની સ્થાપના કરવાની દરખાસ્ત કરી છે અને ફિશિંગ બંદર માટે કોચી, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ અને પેટુઘાટમાં ફિશ લેન્ડિંગ સેન્ટર વિકસિત કરવામાં આવશે. તે એક આવકાર્ય પગલું છે અને ગુજરાતમાં પણ તેનો અમલ થવો જોઈએ.

9. બજેટમાં જાહેર કરાયેલી વન નેશન વન રેશનકાર્ડ યોજના દ્વારા લાભાર્થીઓ દેશમાં ક્યાંયથી પણ તેમના રાશન મેળવી શકશે. ખાસ કરીને પરપ્રાંતીય કામદારોને આ યોજનાનો લાભ મળશે. જે ખરેખર વખાણવા લાયક છે.

10. મેગા ઈન્વેસ્ટમેન્ટ ટેક્સટાઇલ પાર્કની યોજના હેઠળ ત્રણ વર્ષમાં સાત નવા ટેક્સટાઇલ પાર્ક બનાવવામાં આવશે. ટેક્નિકલ ટેક્સટાઇલ અને મેન મેઇડ ફાઈબર માટે રૂ. 10,683 કરોડની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પી.એલ.આઇ.) યોજના ઉપરાંત વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અને પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓવાળી 1000 એકર જમીન ઉપર ઉભા કરવામાં આવેલા ઉદ્યાનો કાપડ ઉદ્યોગ માટે એક મહાન બળ બનશે.

11. પાવર પોર્ટેબીલીટી પોલિસી, વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસી જેવી નવી નીતિઓ વેપાર અને ઉદ્યોગને વધુ વેગ આપશે.

12. ટેક્સના કેસ ફરીથી ખોલવા માટેનો સમયગાળો 6 વર્ષથી ઘટાડીને 3 વર્ષ કરવામાં આવે છે, આ સૂચન જીસીસીઆઈ દ્વારા આપવામાં આવ્યું હતું અને અમને આનંદ છે કે તેના પર વિચાર કરવામાં આવ્યો છે.

13. જાહેર ક્ષેત્રની બેંકોની નાણાકીય ક્ષમતાને વધુ મજબૂત કરવા માટે, સરકારે વધુ રૂ. 20,000 કરોડ ફાળવ્યા છે જે આવકારદાયક પગલું છે

14. જીસીસીઆઈએ સૂચવ્યું હતું કે, તમામ બિન-કોર્પોરેટ સંસ્થાઓ (એલએલપી અને એઓપી સહિત) માટેના કર (સરચાર્જ અને સેસ સહિત) નો દર કોર્પોરેટ કંપનીઓની સમાન હોવો જોઈએ. જો કે, આ મુદ્દા પર બજેટ માં કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. અમે આશા રાખીએ છીએ કે આ મુદ્દા પર ધ્યાન આપવામાં આવશે.

પ્રથમ નજરે, બજેટ યોગ્ય દિશામાં હોય તેવું લાગે છે, વધેલા કેપિટલ ખર્ચ, મેગા ટેક્સટાઇલ પાર્ક્સની સ્થાપના, કંપની એક્ટમાં સુધારા અને 75 વર્ષથી ઉપરના સિનિયર સિટિઝનો પર નિયમ પાલન નો બોજ ઓછો કરવામાં આવ્યો છે. તે જોતા એવું લાગે છે કે સરકારે રોકાણ અને વપરાશ બંને પર એકસરખું ધ્યાન આપ્યું છે - અર્થતંત્રને વેગ આપવા માટેના મુખ્ય પાસાઓ બજેટમાં તમામ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને આ બજેટ ને પ્રેરણાદાયક બનાવ્યું છે.

---

**તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર**
**ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી**

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
**સેક્રેટરી જનરલ**